# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામને પંદર હજાર 600 કરોડના વિકાસ કાર્યોની ભેટ આપશે
2. નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સહિતના નેતાઓને રાહત આપવાના ચુકાદાને દિલ્હી હાઇકોર્ટમાં પડકારાયો
3. આસામમાં સૈરંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસની ટક્કરથી સાત હાથીના મોત
4. તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં જેલમાં બંધ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાન અને તેમની પત્નીને 17 વર્ષની કેદની સજા
5. તાઇવાનના પાટનગર તાઇપેઈમાં હુમલાખોરે છરાથી હુમલો કરતાં ત્રણના મોત અને નવ ઇજાગ્રસ્ત

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PM-ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે બે દિવસની મુલાકાતે આસામ જવા રવાના થશે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી મોદી રાજ્યમાં આશરે 15 હજાર 600 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ

## વોઈસ કાસ્ટ - AMINUL-HAQ

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-SSB WISH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સશસ્ત્ર સીમા દળના સ્થાપના દિવસ નિમિત્તે તેના તમામ જવાનોને શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે સશસ્ત્ર સીમા દળ અતૂટ સમર્પણ, સેવા અને બલિદાનની સર્વોચ્ચ પરંપરાઓને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે ફરજ પ્રત્યે દળની નિષ્ઠા રાષ્ટ્રીય સુરક્ષાનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે.

પડકારજનક ભૂપ્રદેશ અને મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓમાં દેશનું રક્ષણ કરવામાં સશસ્ત્ર સીમા દળના કર્મચારીઓની ભૂમિકા પર ભાર મૂકતા, શ્રી મોદીએ કહ્યું કે તેઓ રાષ્ટ્રની સેવા કરવામાં હંમેશા સતર્ક રહે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ED - SONIA GANDHI

નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકો સામે મની લોન્ડરિંગની ફરિયાદની નોંધ લેવાનો ઇનકાર કરનાર ટ્રાયલ કોર્ટના આદેશને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ દિલ્હી હાઇકોર્ટમાં પડકાર્યો છે.

ED એ તેની અરજીમાં ટ્રાયલ કોર્ટના તારણો પર પ્રશ્ન ઉઠાવ્યો છે અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ એજન્સીની ફરિયાદ પર આગળ વધવાનો ઇનકાર કરવાના નિર્ણયની અપીલ સમીક્ષાની માંગ કરી છે. દિલ્હીની એક કોર્ટે મંગળવારે નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પાંચ અન્ય લોકો સામે EDના મની લોન્ડરિંગ કેસની નોંધ લેવાનો ઇનકાર કર્યો હતો.

જોકે, કોર્ટે કહ્યું કે કેન્દ્રીય એજન્સી આ મામલે તેની તપાસ ચાલુ રાખી શકે છે. રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ વિશાલ ગોગને આ સંદર્ભમાં મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા પસાર કરાયેલા આદેશને રદ કર્યો હતો. **ED** એ તેની ચાર્જશીટમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સુમન દુબે, સેમ પિત્રોડા, યંગ ઇન્ડિયન, ડોટેક્સ મર્ચેન્ડાઇઝ અને સુનિલ ભંડારીને આ કેસમાં મુખ્ય આરોપી તરીકે નામ આપ્યા હતા. એવો આરોપ છે કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ **(AJL)** ની **2,000** કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ ખોટી રીતે કબજે કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## BUDGET- MYGOV

સરકારે ફેબ્રુઆરીમાં રજૂ થનારા આગામી બજેટ **2026-27** માટે નાગરિકો પાસેથી સૂચનો અને વિચારો મંગાવ્યા છે. આ પગલાનો હેતુ સમાવિષ્ટ વિકાસ અને રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન આપતી વખતે લોકોની આકાંક્ષાઓ અને જરૂરિયાતોને પ્રતિબિંબિત કરવાનો છે. ભલામણો **mygov** પોર્ટલ [www.mygov.in](http://www.mygov.in) પર મોકલી શકાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ASAM-ELEPHANT ACCIDENT

આજે વહેલી સવારે આસામના હોજાઈ જિલ્લામાં સૈરંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસની ટક્કરથી એક ટોળાના સાત હાથીના મોત થયા હતા અને એક ઘાયલ થયો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં ટ્રેનના એન્જિન સહિત પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ અકસ્માતમાં કોઈ મુસાફરોને ઇજા થઈ નથી.નાગાંવ વિભાગીય વન અધિકારી સુહાસ કદમે જણાવ્યું હતું કે ચાંગજુરાઈ ગામમાં બનેલી આ દુર્ઘટના વિસ્તારમાં ગાઢ ધુમ્મસને કારણે થઈ હોવાની શંકા છે.

નોર્થઇસ્ટ ફ્રન્ટિયર રેલવેના મુખ્ય પ્રવક્તા કપિંજલ કિશોર શર્માએ જણાવ્યું કે ગુવાહાટીથી લગભગ 126 કિમી દૂર લુમડિંગ વિભાગ હેઠળના જમુનામુખ-કામપુર સેક્શનમાં આ અકસ્માત થયો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CIVIL AVIATION MINISTRY-FOG

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ધુમ્મસ અને ઓછી દૃશ્યતાની સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ એરલાઇન્સને મુસાફરોની સુવિધાના ધોરણોનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે એરલાઇન્સને સમયસર અને સચોટ ફ્લાઇટ માહિતી સુનિશ્ચિત કરવા, લાંબા વિલંબ દરમિયાન નાસ્તાની વ્યવસ્થા કરવા અને ઉડ્ડયન રદ થવાના કિસ્સામાં રી બુકિંગ અથવા રિફંડની સુવિધા આપવા સૂચના આપવામાં આવી છે. સમયસર ચેક-ઇન કર્યા પછી કોઈને પણ બોર્ડિંગ નકારવામાં ન આવે અને દિવ્યાંગ વ્યક્તિઓને વિશેષ સહાય પૂરી પાડવામાં આવે.

મંત્રાલયે જણાવ્યું હતું કે નાગરિક ઉડ્ડયન મહા નિર્દેશાલયને આ સૂચનાઓનું પાલન સુનિશ્ચિત કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે મુસાફરોની સલામતી અને સુવિધા તેમની ટોચની પ્રાથમિકતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ

સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..............

## LADAKH-FESTIVAL

લદ્દાખી નવા વર્ષ નિમિત્તે આજે લદ્દાખમાં લોસર ઉત્સવ ઉજવાઈ રહ્યો છે.

ઉપરાજ્યપાલ રવિન્દર ગુપ્તાએ લોસરના શુભ પ્રસંગે લદ્દાખના લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી .

લદ્દાખી નવું વર્ષ મુખ્ય ધાર્મિક તહેવાર છે, જે આગામી વર્ષમાં સમૃદ્ધ શિયાળો, સારી લણણી અને કૃષિમાંથી સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવા માટે ઉજવવામાં આવે છે.

ગઈકાલે, એક દિવસ પહેલા, દીવા પ્રગટાવવામાં આવ્યા હતા, અને ઇમારતો, ધાર્મિક અને સ્મારક સ્થળો ,અન્ય વ્યવસાયોને પ્રકાશિત કરવામાં આવ્યા હતા.લોસર ઉત્સવ નવા વર્ષ પછી નવ દિવસ સુધી ચાલુ રહે છે,

જેમાં દેવતાઓને પ્રાર્થના, આઇબેક્સના માનમાં નૃત્ય-ગીતો અને કૈલાશપર્વતની યાત્રાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PAK-IMRAN SENTENCED

પાકિસ્તાનની એક કોર્ટે આજે તોશાખાના ભ્રષ્ટાચારના બે અલગ અલગ કેસમાં જેલમાં બંધ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને 17 વર્ષની કેદની સજા ફટકારી છે. આ કેસ રાજ્યની ભેટોમાં કથિત છેતરપિંડીનો છે, જે ભૂતપૂર્વ પ્રથમ દંપતીને 2021 માં સાઉદી સરકાર તરફથી મળ્યા હતા.

રાવલપિંડીની ઉચ્ચ સુરક્ષાવાળી અદિયાલા જેલમાં ખાસ અદાલતના ન્યાયાધીશ શાહરુખ અર્જુમંદે આ કેસમાં ચુકાદો જાહેર કર્યો. ઇમરાન ખાન અને તેમની પત્નીને પાકિસ્તાન દંડ સંહિતાની કલમ 409 હેઠળ 10 વર્ષની સખત કેદ અને ભ્રષ્ટાચાર નિવારણ કાયદાની વિવિધ કલમો હેઠળ સાત વર્ષની સજા ફટકારવામાં આવી હતી.

કોર્ટે બંને પર 1 કરોડ 64 લાખ પાકિસ્તાની રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UN-MEDIDATION SESSION

આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરે ભગવાન કૃષ્ણ દ્વારા મહાભારતમાં અર્જુનને આપેલા ધ્યાન યોગના ઉપદેશો સંયુક્ત રાષ્ટ્રમાં રજૂ કર્યા. આ ઉપદેશો સંઘર્ષ અને યુદ્ધથી ગ્રસ્ત વિશ્વમાં શાંતિની સ્થાપનાનું પ્રતીક છે.

બીજા વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે આજે એક પ્રેક્ટિસ સત્રમાં તેમણે કહ્યું કે માનવતા આજે યુદ્ધનો સામનો કરી રહી છે. સમાજમાં વિવિધ મુદ્દાઓ પર સંઘર્ષ ચાલુ છે. તેમણે કહ્યું કે યુક્રેનમાં, નિરાશામાં ડૂબેલા 8 હજાર સૈનિકોએ ધ્યાન દ્વારા માનસિક શાંતિનો અનુભવ કર્યો.આ સત્રમાં વિશ્વભરના રાજદ્વારીઓ, યુએન અધિકારીઓ અને યોગ પ્રશિક્ષકોએ ભાગ લીધો હતો. તેનું આયોજન ભારત, એન્ડોરા, મેક્સિકો, નેપાળ અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TAIWAN KNIFE KILLING

**તાઇવાનમાં, રાજધાની તાઇપેઈમાં છરીધારી હુમલાખોરે હુમલો કર્યો જેમાં ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા અને નવ અન્ય ઘાયલ થયા.**

તાઇવાનના પ્રધાનમંત્રી ચો જંગ-તાઈએ જણાવ્યું હતું કે, 27 વર્ષીય શંકાસ્પદે તાઇપેઈના મુખ્ય મેટ્રો સ્ટેશન પર સ્મોક બોમ્બ ફોડ્યા હતા, અને બીજા સ્ટેશન પર દોડી જઇને રસ્તામાં લોકોને છરા માર્યા હતા. શંકાસ્પદ વ્યક્તિનું બહુમાળી ઇમારત પરથી પડી જવાથી બાદમાં મૃત્યુ થયું હતું અને તેનો હેતુ હજુ સ્પષ્ટ નથી.

તાઇવાનના પ્રધાનમંત્રી મેટ્રો સ્ટેશનો, રેલ્વે અને એરપોર્ટ પર સુરક્ષા વધારવાનો આદેશ આપ્યો છે, જ્યારે રાષ્ટ્રપતિ વિલિયમ લાઇએ ઝડપી તપાસના આદેશ આપ્યા છે. શંકાસ્પદ વ્યક્તિનો ગુનાહિત રેકોર્ડ હોવાનું કહેવાય છે અને તે અધિકારીઓ દ્વારા વોન્ટેડ હતો.

છેલ્લી વખત 2014 માં તાઇપેઈમાં આવી જ ઘટના બની હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMF-DITWAH

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ, IMF એ શ્રીલંકાને વિનાશક ચક્રવાત દિતવાહથી ઉદ્ભવતી તાત્કાલિક જરૂરિયાતોને પહોંચી વળવા અને મેક્રો ઇકોનોમિક સ્થિરતા જાળવવામાં મદદ કરવા માટે 206 મિલિયન ડોલરના કટોકટી ભંડોળને મંજૂરી આપી છે. ચક્રવાતને કારણે શ્રીલંકામાં વ્યાપક

વિનાશ થયો હતો અને 643થી વધુ લોકો માર્યા ગયા હતા. એક નિવેદનમાં, IMF એ જણાવ્યું હતું કે આપત્તિએ તાત્કાલિક માનવતાવાદી અને પુનર્નિર્માણ જરૂરિયાતો ઊભી કરી છે, જેના કારણે નોંધપાત્ર નાણાકીય દબાણની જરૂરિયાતો ઊભી થઈ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઝડપી નાણાકીય સાધન હેઠળ IMF દ્વારા પૂરી પાડવામાં આવતી કટોકટી નાણાકીય સહાય જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .